વર્ષ-૨૦૨૧

આણંદ કૃષિ યુનિવર્સિટીના પેન્શનરોના
હયાતીના દાખલા બાબત.....

હિસાબ નિયામકશ્રીની કચેરી
આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ
જા.નં. આકૃયુ/હિનિ/પે સેલ/ ૯૫૪ /૨૦૨૧ તા.૩૧-૫-૨૦૨૧.

વંચાણે લીધોઃ- (૧) આ કચેરીના પરિપત્ર જા.નં. આકૃયુ/હિનિ/પેસેલ/૩૯૯/૨૦૨૧ તા. ૦૬/૦૫/૨૦૨૧.
(૨) નાણાં વિભાગ, ગુજરાત સરકાર, ઠરાવ ક્રમાંક/તજર-૧૦૨૦૧૪-૧૬૭૧-ઝ તા.૨૭/૦૫/૨૦૨૧.

## -:<u>પરિપત્ર</u>:-

આથી આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતેથી પેન્શન/કુટુંબ પેન્શન મેળવતા તમામ પેન્શનરોને જણાવવાનુંકે, નાણાં વિભાગ, ગુજરાત સરકારશ્રીના ઠરાવ ક્રમાંકઃ તજર-૧૦૨૦૦૭-૧૩૨-ઝ તા.૧૭/૦૯/૨૦૧૨ મુજબ પેન્શનરોએ વાર્ષિક હયાતીની ખરાઇ દર વર્ષે મે મહિનામાં કરવાનું ઠરાવેલ છે. તેમજ જે પેન્શનરો મે મહિનામાં હયાતીની ખરાઇ ન કરાવી શકે તેમને હયાતીની ખરાઇ જુલાઇ માસ સુધી કરાવવા માટેની છુટ આપવામાં આવેલ હતી. અને જો જુલાઇ માસ સુધીમાં હયાતીની ખરાઇ ના કરાવી શકે તો ઓગષ્ટ માસથી પેન્શનની રકમનું ચૂકવણું સ્થગિત કરવાનું જણાવેલ હતું.

હવે, વંચાણે લીધેલ સંદર્ભ (૨) માં ઠરાવ્યા મુજબ જે પેન્શનરો જુલાઇ મહિનામાં હયાતીની ખરાઇ ન કરાવી શકે તેઓ ઓગષ્ટ-૨૦૨૧ સુધીમાં પણ હયાતીની ખરાઇ કરાવી શકશે. અને ઓગષ્ટ-૨૦૨૧ સુધીમાં જો પેન્શનર પોતાની હયાતીની ખરાઇ કરાવવામાં નિષ્ફળ જાય તો તેવા કિસ્સામાં સપ્ટેમ્બર મહિનાથી પેન્શનની રકમનું ચૂકવણું સ્થગિત કરવામાં આવશે. આથી હયાતીની ખરાઇ આણંદ કૃષિ યુનિવર્સિટીના હિસાબ નિયામકશ્રી, હિસાબી અધિકારી(પી.એફ/પેન્શન), ઓડીટ ઓફીસર, હિસાબી અધિકારી(કેશ) તથા આણંદ કૃષિ યુનિવર્સિટીના સબ-સેન્ટરમાં ફકત યુનિટ અધિકારી સમક્ષ રૂબરૂ હાજર રહી હયાતીની ખરાઇ કરાવવાની રહેશે. જયારે દેશ-વિદેશમાં રહેતા પેન્શનરો/કુટુંબ પેન્શનરોએ નિયમ મુજબ જે તે દેશના સરકાર માન્ય નોટરી પાસે પોતાની હયાતીની ખરાઇ કરાવી નોટરીના સહી/સિકકા કરાવી ઓરીજીનલ દાખલો સમયમર્યાદામાં આ કચેરીને મોકલી આપવાનો રહેશે. જે પેન્શનરો રૂબરૂમાં આવી શકવા સક્ષમ ના હોય તો આ સાથે સામેલ લીસ્ટ મુજબના અધિકારીશ્રીઓ પાસે પણ હયાતીની ખરાઇ કરાવી શકાશે.

હિસાબ નિયામક

<u>નકલ રવાનાઃ</u>-

(૧) આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના તમામ પેન્શનરશ્રીઓ તરફ જાણ અને અમલ સારૂ.
(૨) હિસાબી અધિકારીશ્રી(પી.એફ/પેન્શન), આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ જાણ સારૂ.
(૩) ઓડીટ ઓફિસરશ્રી(પે સેલ) આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ જાણ સારૂ.
(૪) પ્રમુખશ્રી, નિવૃત્ત શિક્ષક મંડળ/નિવૃત્ત બીન શૈક્ષણિક મંડળ, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ.
(૫) બ્રાન્ચ મેનેજરશ્રી, સેન્ટ્રલ બેન્ક ઓફ ઇન્ડીયા,ખેતીવાડી બ્રાન્ચ, આણંદ- નોટીસ બોર્ડ પર મૂકવા સારૂ.
(૬) ચીફ મેનેજરશ્રી, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડીયા, આણંદ મેઇન બ્રાન્ચ, આણંદ- નોટીસ બોર્ડ પર મૂકવા સારૂ.

નીચેની વ્યકિતઓની સહીવાળું પેન્શનરના હયાતી બાબતનું પ્રમાણપત્ર રજુ કરતા બધાજ પ્રકારના પેન્શનરને હયાતીની ખરાઇ માટે જાતે હાજર રહેવાથીમાંથી મુકિત આપવામાં આવે છે.

(૧) ફોજદારી કાર્યવાહીના કાયદા અનુસાર મેજીસ્ટ્રેટની સત્તા ધરાવતી કોઇ વ્યકિત
(૨) ૧૯૦૮ ના ભારતીય નોંધણી અધિનિયમ હેઠળ નિમાયેલ કોઇ રજીસ્ટ્રાર કે સબ રજીસ્ટ્રાર
(૩) સરકારશ્રી ના કોઇ રાજ્ય પત્રિત અધિકારી
(૪) નિવૃત્ત થતાં પહેલા મેજીસ્ટ્રેટની સત્તા ધરાવતાં કોઇ પેન્શનર કે રાજ્ય પત્રિત અધિકારી
(૫) ન્યાયાધીશ
(૬) સરકારી ખિતાબ ધરાવતી કોઇ વ્યકિત
(૭) ઓછામાં ઓછા સબ ઇન્સ્પેકટરની કક્ષાના પોલીસ અધિકારી કે પોલીસ મથકના ઇન્ચાર્જ ઇન્સ્પેકટર
(૮) પોસ્ટ માસ્તર
(૯) ખાતાકીય સબ પોસ્ટ માસ્તર
(૧૦) ટપાલ કચેરીઓના ઇન્સ્પેકટર
(૧૧) ભારતીય રીઝર્વ બેન્કના અધિકારી
(૧૨) ભારતીય સ્ટેટ બેન્કના કે તેની સબસીડીયરી બેન્કનાં ૧૯૩૪ના ભારતીય રીઝર્વ બેન્કનાં અધિનિયમમાં અનુસૂચિ (૨) માં સમાવિષ્ટ કરવમાં આવેલ કોઇ બેન્કના ગ્રેડ -૨ ના અધિકારી સહીત કોઇપણ અધિકારી
(૧૩) સંસદમાં બેસતા ગુજરાત રાજયના સંસદ સભ્ય
(૧૪) વિધાન સભામાં બેસતા ગુજરાત રાજયના ધારાસભ્ય
(૧૫) કેન્દ્રશાસિત પ્રદેશના સરકારશ્રી ધારાસભામાં બેસતા સભાસદ
(૧૬) જીલ્લા પંચાયતના પ્રમુખ
(૧૭) નગર પંચાયતના અદયક્ષ
(૧૮) ગ્રામ પંચાયતના સરપંચ
(૧૯) પંચાયતમાં કે અર્ધ સરકાર સંસ્થાઓમાં પ્રતિનિયુકત પરના કોઇ રાજ્ય પત્રિત સરકારી અધિકારી